# ગુજરાતીઓનું ગૌરવ એટલે ભાષા ગુજરાતી

સંકલન : ગોંડલિયા પુરણ એ.



ગુજરાતી ભાષા બોલવામાં સરળ, સાંભળવામાં મીઠી અને વાંચવામાં મઝા આવે તેવી છે. ઘણા સમય પહેલાં ગુજરાતી ભાષા વાંચવી બહુ અઘરી હતી. તે વખતે ગુજરાતી કાનો, માત્ર, હ્રસ્વ, દીર્ઘ, મોટી ઊ, નાની વગરની હતી. આજની પેઢીના માણસોને બોડિયા અક્ષરવાળી ભાષા વાંચવી સમજવી ખૂબ અઘરી પડે.

જેમ જેમ મનુષ્ય સભ્ય થતો ગયો. ગુજરાતીઓ સમુદ્ધ થતા ગયા તેમ તેમ ભાષાનુ ગૌરવ જાળવવા લોકો પ્રયત્ન કરવા લાગ્યા. ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં ઘણા નામી અનમી સર્જકોનો ફાળો છે. કવિ નર્મદ, ગોંડલના ભગવતસિંહજી, મહાત્મા ગાંધીજી, નવજીવન પ્રેસ વગેરેનો ફાળો કાંઈ નાનો સૂનો નથી. આ બધાનાં કવિ નર્મદનો તથા સર ભગવતસિંહજીનો ફાળો ખૂબ અમૂલ્ય છે. તેમણે પોતાનાં જીવનનાં અમૂલ્ય વર્ષો ગુજરાતીનો શબ્દકોશ રચવા પાછળ ખર્ચ્યાં છે. કવિ નર્મદે ' નર્મકોશ ' આપી તે વખતના ગુજરાતમાં ખૂબ મોટી ક્રાંતિ સર્જી હતી. તો સર ભગવતસિંહજીએ જે કાળજીથી આ કોશની રચના કરી તે તો ખરેખર કાબિલે તારીફ જ છે.

આજ બે ચાર સુધરેલા ઘર કે બે ચાર નવા નવા પૈસાદાર થતા લોકો અથવા અંગ્રેજી ભાષાનું આંધળું અનુકરણ કરનારા બે ચાર પરિવાર સિવાય મોટાભાગના ગુજરાતીઓ તેમનાં બાળકોને ગુજરાતી માધ્યમમાં જ અભ્યાસ કરાવે છે. જે બતાવે છે આજે પણ ગુજરાતી ભાષાનું મહત્વ કેટલું બધું છે.

આજે સમગ્ર ગુજરાતનો મુખ્ય વ્યવહાર તો ગુજરાતી ભાષામાં જ ચાલે છે. શાક વેચનાર નાનકડા કાછિયાથી સુપર મોલમાં પણ વહેપારી તેના ગ્રાહક સાથે તો ગુજરાતી જ બોલે છે.અંગ્રેજી માધ્યમમાં પોતાનાં બાળકોને ભણાવનાર વાલીઓ પણ આજે ઘરમાં તો ગુજરાતીમાં જ વ્યવહાર ચલાવે છે.

આજે સમગ્ર ગુજરાતમાં ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ડી એન એ ધ ઈન્ડિયન એક્સપ્રેસ જેવા માતબાર અખબાર અમદાવાદ તથા ગુજરાતમાં પુષ્કળ વેચાતાં હોવાં છતાં પણ

લગભગ દરેક ઘરમાં ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, જનસત્તા, સમભાવ મેટ્રો, સુકાન સમાચાર એટેશથી વંચાય છે.તે બતાવે છે કે આજે પણ મારું ગુજરાત ગૌરવવંતું છે. આજે લગભગ દરેક પેઢીમાં કામકાજ અંગ્રેજીમાં થતું હોય છે છતાં તેનો વ્યવહાર ગુજરાતીમાં થાય છે. અરે ભાઈ, આ ગુજરાત છે. મારું, તારું નહીં આપણું ગુજરાત છે. વળી, આજે ગૌરવવંતા ગુજરાતના પૂજયપાદ શ્રી મોરારિબાપુ ગુજરાત સિવાય કથા કરે ત્યારે હિંદીમાં કરે છે પણ તેમની કથા આસામ કે દાર્જિલિંગમાં હોય,ત્યાં ગુજરાતી કોઈ સમજતું ન હોય તો પણ ગુજરાતી ભાષાનો લહેકો ગુજરાતી ભાષાની લઢણ તો આવી જ જાય છે. કદાચ આ જ બાબત આપણી ગુજરાતી ભાષાનું હાર્ટ જળવાઈ રહ્યાનું જણાવે છે.